# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પાકિસ્તાનને સરહદી લડ ઉપડી છે,
અને ચીનને પણ ફરી ચળ ઉપડી છે,
કળ વળતી નથી આને તો ચૂંટણી માંથી -
માંચડે ઉભા મુશર્રફને છડ ઉપડી છે
(ચીન-પાક પેંતરો?!)

## હાઈકુ

છે ગૂંથાયેલા,
એકહથ્થુ સત્તાની -
માયાવી જાળે..
(જોડ-તોડના પેતરાં)

ક્લીનચીટમાં
નડતા કાયદાની યે
કરો સફાઇ..
(કોર્ટમાં સફાઇ)
જૂના કાયદા

## ચિંતન

એક એવં પદાર્થસ્તુ ત્રિધા ભવતિ વીક્ષિતઃ ।
કુપણઃ કામિની માંસં યોગિભિઃ કામિભિઃ શ્વભિઃ ॥

'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' - માણસની વિચારસરણી જેવી હોય એવું જ એને દેખાય છે વસ્તુ ભલેને એક જ હોય છતાં એને જોનારાના મન-વિચાર-અને દૃષ્ટિની અસરથી એને એ વસ્તુ અલગ-અલગ દૃષ્ટિકોણથી દેખાય છે.

દા.ત. તરીકે કોઇ સુંદરી-સ્ત્રીને જાતાં :

- યોગી-ત્યાગી એ સ્ત્રીને નિંદિત-શવ-ના સ્વરૂપે જ જુએ છે.
- કામી પુરૂષને એ સુંદર નારી અપ્સરા જેવી કામીની લાગે છે
- કૂતરો કે કોઇ હિંસક પ્રાણીની દૃષ્ટિમાં એ માત્ર માંસનો લોચો જ દેખાય છે.

આમ માણસના મન, વિચાર અને દૃષ્ટિથી એક જ વસ્તુ-બાબત-જુદી જુદી રીતે મુલવવામાં આવે છે.

## સુવિચાર

- નાશવંત સુખનો સર્વથા ત્યાગ કરવાથી અવિનાશ સુખની પ્રાપ્તિ અવશ્ય થાય છે - **ધર્મસૂત્ર**
- વાસ્તવિક ઉન્નતિ છે - સ્વભાવ શુદ્ધ થવો - **રમેશ ઓઝા**
- ધર્મ માટે ધન નહીં મન જોઇએ - **કબીર**
- સ્વયં બુરાઇ રહિત થવું એ વિશ્વ માત્રની સેવા છે - **સોક્રેટીસ**
- ભેદ મતમાં હોય છે, પ્રેમમાં નહીં.. પ્રેમ તમામ મતભેદોનો નાશ કરે છે- **મનુ સ્મૃતિ**
- પોતાના સુખથી સુખી થનાર કોઇ પણ મનુષ્ય યોગી નથી હોતો- **ફાધર વાલેસ**
- સફળલગ્ન જીવનનો આધાર.. (૧) યોગ્ય પાત્ર શોધવું.. (૨) યોગ્ય પાત્ર બનવું.. - **સુરેશ દલાલ**

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજે તો વ્યવહારમાં માણસ ગમે તેવું વર્તન કરે, નૂકશાન કરે, કોઇને મનસા-વાચા હૃદયથી દુભવે પછી 'સોરી' કહી દે, માફી માગી લે શબ્દો પાછા ખેંચી લે એટલે જાણે પત્યું. આ બરાબર નથી માણસે પોતાનું વર્તન-આચરણ-ભાષા સુધારવી જોઇએ. વિચારપૂર્વક બોલવું જોઇએ. શબ્દો પાછા ખેંચાતા નથી... એ હૃદયને ઇજા કરે જ છે.

એક પ્રજાપતિ અને એક વણિક એ બે મિત્રો હતા. વણિક જરા ટીખડી સ્વભાવનો હતો. એકવાર એ પ્રજાપતિ (કુંભાર)ના ઘેર ગયો ત્યાં આંગણામાં માટલાંથી થપ્પી હતી. મિત્રએ છેક નીચેનાં માટલાંને પથ્થર માર્યા- ચારપાંચ માટલાં તૂટી ગયાં. પ્રજાપતિએ ક્રોધથી જૈન મિત્ર સામે જોયું પેલો કહે આજે સંવત્સરી છે 'મિચ્છામિ દુક્કડં' મારી ભૂલ-દુષ્કૃત્ય માટે હું માફી માંગુ છું - બસ!!

પ્રજાપતિ ગમ ખાઇ ગયો.

પછી થોડા દિવસ પછી કોઇ તહેવાર માટે વણિક મિત્ર તેલનું તપેલું લઇ ઘેર જતો હતો. પ્રજાપતિ મિત્ર તકની રાહ જોતો હતો. જઇને મિત્રની સાથે ટકરાયો - તેલનું તપેલું પટકાયું - તેલ ઢોળાઇ ગયું! પ્રજાપતિ કહે - 'મિચ્છામી દુક્કડં' બસ!

મિત્ર હવે શું બોલે !?

Email - sureshchandrabhatt18@gmail.com

# સ્વદેશી એ આપણો ધર્મ છે, સ્વદેશી એ રાષ્ટ્રનો પ્રાણ છે ચાલો, સ્વદેશીના ઉપાસક બનીએ અને સ્વાભિમાનની ચેતના જગાવીએ...

## સ્વદેશીના સંકલ્પનો કોઇ વિકલ્પ નથી

- હર્ષદ પ્ર. શાહ

નવરાત્રિ, વિજયાદશમી, દીપાવલી વગેરે બધાં પર્વો શક્તિ-ઉપાસનાનાં પ્રતીકપર્વો છે. મનુષ્યના જીવનમાં એ સમયે દિવ્ય અને જીવનની વિશિષ્ટ ઉર્જાનો સંચાર થાય છે.

હવે થોડું રાષ્ટ્રીય સંદર્ભે વિચારીએ તો રાષ્ટ્રનું શક્તિકેન્દ્ર શું? રાષ્ટ્રની શક્તિ શેમાં નિહિત છે? થોડું ઊંડું વિચારતાં જણાશે કે 'અર્થ..' 'અર્થતંત્ર' એ રાષ્ટ્રની બહુ મોટી તાકાત છે અને અર્થતંત્રનો આધાર છે 'સ્વદેશી.'

મહાત્મા ગાંધીજીએ 'સ્વદેશી'ને રાષ્ટ્રનો આધાર ગણાવ્યો છે. એમણે સ્વદેશીની કેવળ વાતો જ ન કરી, 'સ્વદેશીભાવ' માં એમણે સમગ્ર જીવન વ્યતીત કર્યું.

છેલ્લા ૧૫૦ વર્ષના ઇતિહાસમાં ભારતની સ્વતંત્રતાની ચળવળમાં 'સ્વદેશી'નું ઐતિહાસિક મહત્ત્વ જણાઈ આવે છે.

સ્વદેશી ભાવના અને સ્વદેશીના વૈચારિક આંદોલનો સમગ્ર સ્વતંત્રતા આંદોલનને ગતિ અને ઉર્જા પ્રદાન કર્યા હતા. દાદાભાઇ નવરોજીએ તો પોતાના 'આર્થિક વિકાસના સિદ્ધાંત'ના આધારે જ સ્વતંત્રતા આંદોલનને પારિભાષિત કર્યું હતું.

'સ્વદેશી' ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદનું જ સ્વરૂપ બનીને રહ્યું છે. 'સ્વદેશી'નું ઐતિહાસિક સંદર્ભ જોવામાં આવે તો સ્વતંત્રતાના આંદોલનની એક પ્રવૃત્તિ રૂપે 'સ્વદેશી'નો ઉલ્લેખ ૧૮૪૯માં પૂર્ણથી પ્રકાશિત 'પ્રભાકર' પત્રિકામાં મળે છે. આ પત્રિકામાં ગોપાલરાવ દેશમુખે ભારતીય જનતાને આયાતી વસ્તુઓના બદલે ભારતીય ઉત્પાદકોનો ઉપયોગ કરવાની વાત કરી હતી. ૧૮૫૦ના અરસામાં પંજાબમાં નામધારી ગુરૂ રામસિંહની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલા કૂકા આંદોલને બ્રિટીશ વ્યવસ્થાઓનો બહિષ્કાર કરી સ્વદેશી વ્યવસ્થાઓ ઊભી કરવાની શરૂઆત કરી. કૂકાઓએ પોતાની શાળાઓ, હોસ્પિટલો અને ટપાલ કચેરીઓ ખોલી.પોતાની રાજકીય વ્યવસ્થા કરવા માટે પંજાબને ૨૨ જિલ્લાઓમાં વહેંચી તેમાં પોતાના રાજયપાલો નિયુક્ત કર્યા. તેઓ નવા નવા લોકોને સંગઠનમાં જોડી દેશભક્તિની દીક્ષા આપતા હતા. કૂકાઓએ સ્વદેશી વસ્તુઓનો પ્રચાર અને અંગ્રેજી વસ્તુઓના બહિષ્કારનો વ્યાપક પ્રચાર કર્યો.

બીજી તરફ બંગાળમાં ૧૮૬૭માં નવગોપાલ મિત્ર અને ઋષિ રાજનારાયણ બોઝના પ્રયત્નોથી 'હિન્દુ મેળા'નું આયોજન શરૂ થયું. આ મેળામાં ભારતીય શિલ્પ, કળા, વસ્ત્ર અને આભૂષણોના અખિલ ભારતીય પ્રદર્શનની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવતું હતું. આ મેળાના સંચાલન માટે પણ સ્વભાષાનો આગ્રહ રાખવામાં આવતો અને સ્વભૂષા આ મેળાની એક વિશિષ્ટતા હતી. ૧૮૭૦માં વિશ્વનાથ નારાયણ મિત્ર દ્વારા સંચાલિત પત્રિકા 'નેટિવ ઓપિનિયન' માં દેશપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવ્યો હતો કે તેઓ મોંઘા ભાવે પણ સ્વદેશી વસ્તુઓ ખરીદે.

૧૮૭૨માં મહાદેવ ગોવિંદ રાનડેએ પૂણેમાં આર્થિક વિષયો પર એક ભાષણ માળાનું આયોજન કર્યું, જેમાં તેમણે સ્વદેશીનું જોરદાર આહ્વાન કર્યું. રાનડેના આ આહવાનથી જ પ્રખ્યાત ક્રાંતિકારી વાસુદેવ બળવંત ફડકેએ માત્ર સ્વદેશી વસ્ત્ર ધારણ કરવાના અને માત્ર સ્વદેશી વસ્તુઓનો જ ઉપયોગ કરવાના શપથ લીધા હતા. રાનડેનું આ આહ્વાન સાંભળનાર એક અન્ય મહાનુભાવ હતા ગણેશ વાસુદેવ જોશી. તેઓ પ્રતિદિન સૂતર કાંતતા અને તેમણે સ્વદેશી વસ્તુઓનો લોકપ્રિય બનાવવા માટે સ્વદેશી ભંડાર ખોલ્યા હતા. તેઓ ૧૮૭૩માં ચમકદમક અને ધામધૂમથી ભરેલા દિલ્હી દરબારમાં પોતાના હાથે બનાવેલી ખાદીનાં વસ્ત્રો પહેરી પ્રયત્નપૂર્વક ઉપસ્થિત રહ્યા.

૧૮૭૩માં મરાઠી પત્રિકા 'નિશ્ચય પત્રિકા' ના ૧૩મી જુલાઈના અંકમાં વિદેશી સામાનના બહિષ્કારનું પ્રચંડ આહ્વાન કરવામાં આવ્યું. એવી રીતે 'ઇન્દુપ્રકાશ' પત્રિકાઓ પણ ૨૩મી ઓગસ્ટ, ૧૮૭૫ના રોજ સ્વદેશી વસ્તુઓ ખરીદવા અને વિદેશીનો બહિષ્કાર કરવાનું આહ્વાન કર્યું. ૧૯૭૪માં નાગપુરમાં ગૃહઉદ્યોગની વસ્તુઓનો જ ઉપયોગ પ્રોત્સાહિત કરવા માટે એક સંગઠનની સ્થાપના કરવામાં આવી. ૧૮૮૧માં 'અમૃત બજાર' પત્રિકાએ એક લોકપ્રિય સંગઠન રચવાનું પ્રબળ આહ્વાન કર્યું કે જેથી ભારતની બહાર બનાવવામાં આવતાં વસ્ત્રોના બહિષ્કારનો પ્રચાર કરીને માંચેસ્ટર પડકારનો પ્રતિકાર થઈ શકે. આ આહ્વાનમાં ભારતીય ભાષાઓમાં જ જાહેરખબરો છાપવાની તથા વિદેશી ઉત્પાદનો વેચનારાઓને ન્યાત બહાર મૂકવાની વાત કરવામાં આવી હતી.

૧૮૮૧માં સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ વધારવા માટે 'દેશી વ્યાપારી કંપની' શરૂ કરવામાં આવી. ૧૮૮૩માં લાહોરમાં 'ઇન્ડિયન નેશનલ એસોસિએશન'ની સ્થાપના કરવામાં આવી, જેના સદસ્યોએ સ્વદેશી વસ્તુઓનો જ ઉપયોગ કરવાના શપથ લેવા પડતા હતા. ૧૮૯૦માં ઢાકામાં કૉલેજના વિદ્યાર્થીઓએ સ્વદેશી ભંડાર ખોલ્યા. આ જ સમય દરમિયાન બંગાળમાં ઋષિ નારાયણ બોઝની પ્રેરણાથી નવગોપાલ મિત્રે 'હિન્દુ મેળાની' જેમ 'સ્ત્રી સ્વદેશી મેળા'ના આયોજનનો પણ પ્રયાસ કર્યો. ૧૮૮૯માં ભારતભરમાં પ્રકાશિત થનાર લગભગ તમામ મુખ્ય સમાચારપત્રોમાં વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવા, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા તથા સ્વદેશી ભંડાર ખોલવા માટે આહ્વાહન કરવામાં આવ્યું. ૧૮૯૧માં પશ્ચિમી ભારત ઔદ્યોગિક સંઘ દ્વારા અને કોંગ્રેસના પ્રાંતીય અધિવેશનમાં સ્વદેશીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો અને પ્રતિનિધિઓને વિદેશી વસ્તુઓનાં બહિષ્કારનું આહ્વાન કરવામાં આવ્યું. ૧૮૯૬માં વિદેશી વસ્તુઓનો બહિષ્કારને સુગ્રથિત કરવા માટે પૂણે, સતારા, અહમદનગર, જલગાંવ વગેરે નગરોમાં વિશાળ જનસભાઓ યોજાઈ અને તેમાં સ્વેદશી વસ્ત્રો સિવાયનું કંઈ પણ ન પહેરવા તથા કંઈ પણ ન વેચવાની જનસભાઓ યોજાઈ અને તેમાં સ્વદેશી વસ્ત્રો સિવાયનું કંઈ પણ ન પહેરવા તથા કંઈ પણ ન વેચનાની સાર્વજનિક પ્રતિજ્ઞાઓનું આયોજન થયું. વિદેશી વસ્ત્રોની હોળી કરવાનો પહેલો ઉલ્લેખ અહમદનગરમાં માર્ચ ૧૮૯૬માં મળે છે. સામાન્ય માણસને સ્વદેશી ઉત્પાદન મળી રહે તે માટે ૧૮૯૭માં રવીન્દ્રનાથ ટાગોરે સ્વદેશી ભંડાર ખોલ્યો. ૧૮૯૮માં પંજાબમાં 'સ્વદેશી વસ્તુ પ્રચારિણી સભા'ની સ્થાપના કરવામાં આવી.

૧૯૦૧માં કોંગ્રેસ કલકત્તા અધિવેશનમાં પ્રતિનિધિઓ અને દર્શકોને યથાસંભવ સ્વદેશી વસ્ત્રો પહેરીને જ આવવાનું આહ્વાન કરવામાં આવ્યું. ૧૯૦૨માં પૂણેમાં ખાસ્સી મૂડી રોકીને નવો સ્વદેશી ભંડાર શરૂ કરવામાં આવ્યો. આ જ વર્ષે કલકત્તામાં 'ઇન્ડિયન સ્ટોર્સ લિમિટેડ'ની સ્થાપના કરવામાં આવી. ૧૯૦૩માં અમદાવાદમાં 'સ્વદેશી વસ્તુ સંરક્ષણ સંસ્થા'ની રચના કરવામાં આવી. ૧૯૦૫માં બંગભંગની ઘોષણા વિરૂદ્ધ જન-આક્રોશને અરવિંદે સ્વદેશી આંદોલનનું રૂપ આપ્યું. તેમણે 'વંદે માતરમ્' પત્રિકામાં વિદેશી વસ્તુના બહિષ્કાર અને સ્વદેશીની વ્યાપક પરિકલ્પના રજૂ કરી. અરવિંદના આહ્વાનની બંગાળમાં વ્યાપક અસર થઈ. ૧૯૦૫માં બંગાળનો બારીસાલ જિલ્લો સ્વદેશીનો ગઢ બની ગયો. વ્રજમોહન વિદ્યાલયના અધ્યાપક અશ્વિનીકુમાર દત્તે શાળાના વિદ્યાર્થીઓની સહાયથી સમગ્ર જિલ્લામાં 'સ્વદેશી બાંધવ સમિતિ'ની રચના કરી. આ જિલ્લામાં તેની ૧૫૯ શાખાઓ હતી. જે સ્વદેશીના પ્રચારમાં જોડાઈ હતી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ૧૯૦૫માં જ 'સ્વદેશી સમાજ' ની ચર્ચા કરી. સ્વદેશી સમાજ પર તેમણે અનેક વ્યાખ્યાનો આપ્યાં. તેમની આ કલ્પનાને સાકાર કરવા માટે અનેક ક્રાંતિકારી યુવાનોને પણ સહયોગ કર્યો.

૨૪ ડિસેમ્બર, ૧૯૦૫ના રોજ અરવિંદ અને દેશબંધુ દાસે 'સ્વદેશી મંડળી'ની રચના કરી. ૧ જૂન, ૧૯૦૬ના રોજ સ્વદેશી જાગરણ માટે એમણે 'શિવાજી ઉત્સવ'નું આયોજન કર્યું, જેમાં લોકમાન્ય ટિળક મુખ્ય અતિથિ હતા. ૧૯૦૫માં ધાર્મિક વિદ્વાનોએ પણ સ્વદેશી આંદોલનમાં સક્રિય ભાગ લીધો. પંડિતો પોતાનાં ધાર્મિક પ્રવચનોમાં પણ 'સ્વદેશી'ની વાત કરતા હતા. ૧૯૦૭ સુધી સમગ્ર દેશમાં સ્વદેશી ભંડારોનો વ્યાપક પ્રચાર થયો. સ્વદેશી વિચારે તત્કાલીન બધા વિચારકોને પ્રભાવિત કર્યા.

આ પછીના સમયમાં સ્વદેશીના બહુઆયામી પ્રયાસો થતા રહ્યા. મહાત્મા ગાંધી દ્વારા ૧૯૧૯માં સ્થાપવામાં આવેલા 'સત્યાગ્રહ આશ્રમ'માં સ્વદેશીપાલન અનિવાર્ય હતું. દેશભરમાં શિક્ષણ અને ઉદ્યોગમાં સ્વદેશીકરણના વ્યાપક પ્રયાસો થયા. ૧૯૨૫માં 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ની સ્થાપના સમયે ડૉ. હેડગેવારે જે પ્રતિજ્ઞા તૈયાર કરી હતી તેમાં સ્વદેશી વ્રતના પાલનનો પણ સમાવેશ થતો હતો.

સ્વદેશી આંદોલનનો મહત્ત્વપૂર્ણ ઉછાળ તે પછી ૧૯૩૦માં આવ્યો. આ આંદોલનમાં અનેક લોકો સ્વદેશી વ્રત માટે શહીદ થયા, જેમાં બાબૂ ગેનુ અગ્રણી હતા. સ્થાન સ્થાન પર વિદેશ વસ્તુઓની હોળી કરવામાં આવી તથા વિદેશી સામાનની દુકાનો સામે ધરણાં કરવામાં આવ્યા. સ્વદેશી એ સમયે સ્વાતંત્ર્ય સંગ્રામનો પર્યાય જ હતું. સ્વદેશી ભારતની અસ્મિતા, સ્વત્વ અને આર્થિક સ્વાવલંબનનું પ્રતિક બન્યું.

સ્વામી દયાનંદ, સદ્ગુરૂ રામસિંહ કૂકા, ઋષિ રાજનારાયણ બોઝ, મહાયોગી અરવિંદ, લોકમાન્ય ટિળક, વીર સાવરકર, મહાત્મા ગાંધી અને શહીદ બાબૂ ગેનુ આ આંદોલમાં ઐતિહાસિક પ્રકાશસ્તંભ છે.

(અનુસંધાન પાના નં. ૯ પર)

# કોઇનો વિશ્વાસ મેળવવો ખૂબ મુશ્કેલ હોય છે, એ કમાતાં વર્ષો લાગી જાય, ને ખતમ થતાં પળવાર પણ નહીં...

## પૂછવું તો હતું...! માણસાઈની થાપણ

-સુધા મૂર્તિ

રાકેશને હું ઘણાં સમયથી ઓળખુ છું. થોડા વર્ષો પહેલાં મને એનો ફોન આવ્યો, 'ફેક્ટરીમાં અમે છોકરાઓ માટેનાં દફ્તરો બનાવીએ છીએ, એ તો તને ખ્યાલ જ છે. એમાં કેટલાંક થોડી ખામીવાળા પણ બની જતા હોય છે. એવાં બધાં એની ક્ષતિ મુજબ લગભગ અડધા ભાવે વેચી શકાય, પણ એના કરતાં મને એ તને દઇ દેવાનો વિચાર આવ્યો, જેથી કંઇ નહીં તો ગામડાંના જરૂરિયાતમંદ છોકરાંઓમાં એ તું વહેંચી શકે. વર્ષે એક વાર તું અમારે ત્યાંથી એ દફ્તરો મગાવી શકે?'

એની આ દરખાસ્તથી હું ઉત્સાહમાં આવી ગઇ, 'નેકી ઔર પૂછબૂછ!' ગામડાંની નિશાળો માટે આવું દાન ક્યારે મળે! મોટા ભાગના પૈસાદાર લોકો શહેરમાં વસતા હોય, ને એ લોકો સામાન્ય રીતે દાન પણ એમના શહેરમાં જ આપે. કેટલાક લોકો એવા પણ હોય છે જે પોતાનાં વતનને કાંઇ પાછું વાળે, પણ એવું કોઇ ભાગ્યે જ હોય છે, જે ગામડાંનું ન હોવા છતાં એના માટે કાંઇક કરે. ક્યારેક તો મને થાય છે કે ગામડાંને ફાયદો તો જ થાય, જો એ કોઇ સમૃદ્ધ વ્યક્તિનું જન્મસ્થળ હોય! નહીં તો હજારો ગામડાંઓ કોઇની પણ મદદ વગરનાં રહી જાય છે. એવાં ગામડાંઓ કાં તો સાવ ધ્યાન બહાર જતાં હોય અથવા તો સંપૂર્ણપણે સરકાર પર નભતા હોય છે. હું એના ગામડાંઓમાં કામ કરું છું, જયાં એક નાનું દાન પણ ત્યાનાં છોકરાઓનાં જીવનમાં મોટો તફાવત આણી દેતું હોય છે, તો રાકેશે તો જાણે સોનાની ખાણ જ ખોલી દીધી હતી...!

'રાકેશ તારો ખૂબ-ખૂબ આભાર. જે શાળાઓમાં અમે તમારી ફેક્ટરીનાં દફ્તર વહેંચશું, એની એક યાદી હું તને મોકલી આપીશ. એ સિવાય કોઇ પત્રની જરૂર છે?'

એણે એક મોકળું સ્મિત કરતાં કહ્યું, 'અરે, કોઇ પણ ઔપચારિક્તાની જરૂર નથી. તારે મને શેનીય જાણ કરવાની આવશ્યકતા નથી. મને તારા પર પૂરો વિશ્વાસ છે. નિશાળો ઊઘડે એ પહેલાં એટલે કે દર મે મહિને તું દફ્તર મગાવી લેજે.'

કોઇનો વિશ્વાસ મેળવવો ખૂબ મુશ્કેલ હોય છે. એ કમાતાં વર્ષો લાગી જાય. ને ખતમ થતાં પળવાર પણ નહીં... માત્ર એક ખોટું કામ ને બધું કડડભૂસ...! નીતિમત્તા ને અખંડતા કોઇનો ભરોસો જીવતાની પાયાની શરતો છે અને એ માટેની લાયકાત તમારે દરેક સંજોગો પુરવાર કરવી પડે છે. અમારા ઇન્ફોસિસ ફાઉન્ડેશનની પ્રતિષ્ઠા એવી બંધાઇ છે કે દરેક વ્યક્તિ અમારી કોઇ પણ જરૂરિયાત વખતે ખડેપગે હોય છે. હું આપણા સમાજની ઋણી છું.

નક્કી થયા મુજબ મારો મદદનીશ દર વર્ષે કારખાનાના મેનેજરને મળતો ને ત્યાંથી દફ્તરો લઇ આવતો. કેટલાય સમય પછી એણે મને કારખાનામાં નવો મેનેજર આવ્યાની જાણ કરી. મારે એ નવા મેનેજરને આખી પ્રક્રિયા સમજાવવી પડી, જેમાં થોડો સમય લાગી ગયો. અત્યારે કોઇ પણ કંપનીમાં માણસોને ટકાવવા એ કપરૂં છે. નવો મેનેજર આખી બાબતથી વાકેફ થાય ને એની યાદીમાં રહી શકે એ માટે મેં એને ઇ-મેઇલ કરવાનું નક્કી કર્યું. નવા મેનેજરના પ્રત્યુત્તર પછી દફ્તર માટેની અમારી વાર્ષિક મુલાકાત ચાલુ રહી. છેલ્લા દસ વર્ષમાં ત્યાં ચાર મેનેજર બદલ્યા, પણ આ પ્રક્રિયા યથાવત્ રહી.

આ દરમિયાન રાકેશની ઉંમર થતાં એણે નિવૃત્તિ લઇને દિલ્હી પરત ફરવાનું નક્કી કર્યું. એક દિવસ એનો મને ફોન આવ્યો, 'મારો મુકામ હવેથી દિલ્હી છે. અહીંની ઓફિસ મારો જમાઇ સંભાશશે. મેં એને આપણી આખી વ્યવસ્થા સમજાવી દીધી છે. એ આ વાર્ષિક ભેટ વિશે જાણે છે, એટલે તારે ચિંતા કરવાની જરૂર નથી. બધું પહેલાની જેમ જ ચાલશે.'

મેં એનો આભાર માન્યો ને એનાં નિવૃત્તજીવન માટે શુભેચ્છા પાઠવી.

પછીના એપ્રિલથી જ ભરતે એનું સ્થાન લીધું. મેં મારા નિયમ મુજબ એને અભિનંદન આપતો ને આખી પ્રક્રિયા સમજાવતો ઇ-મેઇલ કર્યો. મને એના તરફથી કોઇ પ્રતિભાવ ન આવ્યો. એ વર્ષના મે મહિને મારો મદદનશીપ કારખાને ગયો. બધાં દફ્તર બાંધીને ટ્રકમાં ભરી દેવાયાં હતા. ત્યાં ભરતે એને બોલાવીને કહ્યું, 'તમારા સંચાલક મને મળી ન જાય ત્યાં સુધી ટ્રક ન ભરશો ને જો ભરાઇ ગઇ હોય તો ખાલી કરી નાખજો.'

મારા મદદનીશે તરત મને સંદેશો પહોંચાડ્યો. હું લેનારનાં સ્થાને હતી એટલે દેનારને મળવાની મારી ફરજ હતી. મારા કાર્યક્રમમાં જરૂરી ફેરફાર કરીને બીજે જ દિવસે હું ભરતને મળવા ગઇ. એણે મને કહ્યું, "મને જાણ કર્યા વિના તમે આ રીતે માલ લઇ જ કેમ શકો?!"

'સાહેબ, તમે કારખાનું સંભાળ્યું ત્યારે જ મેં તમને ઇમેલ કર્યો હતો. જયારે પણ નવા મેનેજર આવ્યા છે અમે ઇ-મેઇલ મોકલ્યા છે. છેલ્લાં દસ વર્ષથી અમે આ પદ્ધતિ જાળવી રાખી છે, જે રાકેશે જ ગોઠવી છે. શું એમાં અમારી કોઇ ચૂક છે?'

'રાકેશ સાહેબે આ શરૂ કર્યું છે એટલે મારા વિરોધનો કોઇ સવાલ જ નથી, પણ હું એક જુદી વ્યક્તિ છું. શું મને મળવા આવવાની તમારી ફરજ નથી? ગમે તેમ તોય આ દાન છે, મારી મંજૂરી વિના એ બહાર ન જઇ શકે. મને તમારો એક પણ ઇ-મેઇલ મળ્યો નથી. તમારી ટીમ આ રીતે બધું બાંધીને લઇ જવા માંડી ત્યારે મને તો આંચકો લાગ્યો!'

આંચકો તો ખરેખર મને લાગ્યો હતો. મેં કહ્યું, 'એ સાચું નથી. ગયા વર્ષની યાદી તમે જોઇ શકો છો. વર્ષમાં એક વાર, મેં મહિનામાં અમે દફ્તર લઇ જઇએ છીએ. પછી તમારી કંપનીનો આભાર માનતો એક પત્ર પણ મોકલીએ છીએ.'

'તમારો ઇ-મેઇલ મળ્યે અમે માલ મોકલશું.'

મેં ચોખવટ કરી, 'પણ અમે તમને ઇ-મેઇલ મોકલી ચૂક્યાં છીએ.'

ભરતે સામી દલીલ કરી, 'બની શકે, પણ મને એ નથી મળ્યો. તમે એ ફરીથી મોકલી શકો છો.'

ઓફિસ પહોંચીને હું આ દુર્ભાવ પાછળનું કારણ ખોળવા લાગી. મેં મારા ઇમેઇલ તપાસ્યા. મેં ભરતને મોકલાવેલ ઇ-મેઇલ વંચાયાની પહોંચ પણ મને મળી ગઇ હતી. એનો અર્થ એ કે ભરતે મારો-ઇમેલ વાંચ્યો હતો. તેમ છતાં એ ખોટું બોલી રહ્યો હતો. મેં ફરી એ જ ઇ-મેલ એને મોકલી દીધો.

આ આખી ઘટના વિશે વિચારતાં મને લાગ્યું કે ઇ-મેઇલ ખરેખર કોઇ મુદ્દો જ નહોતો, એ હતો ભરતનો અહમ્. નવા મેનેજર તરીકે આ આવ્યો ત્યારે હું એને મળવા નહોતી ગઇ, એથી એનો અહમ ઘવાયો હતો, ને પોતાનું મહ્ત્ત્વ સાબિત કરવાનો શ્રેષ્ઠ રસ્તો એને લાગ્યો, એની પરવાનગી વગર મને માલ લઇ જતી અટકાવાનો... બસ કારણ સમજાવતાં મારી નારાજગી દૂર થઇ ગઇ. મારા કોઇ વ્યક્તિની સામે જઇને ઊભા રહેવાથી એનો અહમ્ સંતોષાતો હોય તો ગરીબ છોકરાંઓ માટે હું એટલું તો ચોક્કસ કરી જ શકું. હું ન જાઉં તો નુકશાન મારું નહીં, પણ એ બાળકોનું થવાનું હતું... ને એય આટલી અમથી વાતમાં...!

અહમ્ તો ભાઇ, મોટી બલા છે. માણસમાત્રને એ પોતાના ચુંગલમાં રાખે છે, પણ એની લગામ આપણા હાથમાં છે. રાકેશનો જમાઇ જુવાન હતો. જીવનનો હજુ એને બહોળો અનુભવ ક્યાંથી હોય! રાકેશને હું આ બધું ફોન પર જણાવી શકી હોત, પણ આ મુદ્દાને લીધે હું એના કુટુંબમાં કલેશ સર્જવા નહોતી ઇચ્છતી. મને ખાતરી હતી કે ભરત દફ્તર જરૂર આપશે. બીજી જ સવારે મને ભરતનો ફોન આવ્યો, 'મેડમ, મને હમણાં જ તમારો ઇ-મેઇલ મળી ગયો છે. તમારો મદદનીશ દફ્તર લઇ જઇ શકે છે.' હું ઉંમરમાં એનાથી ઘણી મોટી હોવા છતાં ભરતે 'માફ કરજો' એવું એક વાર પણ મને ન કહ્યું...!

ઊલટાનું મેં એને કહ્યું, 'ગેરસમજ માટે માફ કરજો. દર મહિને અમે તમને પહેલાં એક પત્ર મોકલશું, ને દફ્તર મળી ગયા પછી પણ બીજો એક આભારનો પત્ર આપશું. બરાબરને? વ્યવસ્થા સુદૃઢ કરવા આથી વિશેષ અમે કાંઇ કરી શકીએ? જો એવું હોય તો અમને જરૂર જણાવજો. યોગ્ય બધા જ ફેરફાર કરવા અમે તૈયાર છીએ.'

ફોનના બીજા છેડે શાંતિ હતી! એક ઊંડો શ્વાસ લઇ મેં ફરી પૂછ્યું, 'શું મારો અવાજ તમને સંભળાય છે?' 'હા મેડમ. અમને તમારા ઉપર ભરોસો છે. અમને કોઇ પ્રકારના પત્રની જરૂર નથી...' ફોન મૂકીને હું હસી પડી! 'ન શમે વેર વેરથી' એ જ રીતે આગ આગને ઠારી શકતી નથી... એને બુઝાવી શકાય છે તો માત્ર પાણીથી... શીતળતાથી...

# ૩૦૦ બ્રિટીશ કાયદાને રદબાતલ ઠરાવવા સમયની માંગ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ભારતમાં ૩૦૦ થી પણ વધારે કાયદાઓ બ્રિટીશ રાજ વખતના ચાલ્યા આવે છે સમયમાં પરિવર્તન થતા આ કાયદાઓનો હાલમાં કોઈ જ જરૂરીયાત તથા ઉપયોગીતા નથી તેમ છતાં આવા કાયદા આઝાદીના આટલા વર્ષો થયા તોય તેમાં પરિવર્તન કે નાબુદ કરી શકાયા નથી જે હવે પ્રધાન મંત્રી નાબુદ કરશે.

મોદી સરકારે આવા ૩૬ કાનૂનોને ખતમ કરવા વિધેયક સંસદમાં પહેલાથી જ મુકી દીધું છે.

દિલ્હી નાગિરક સમિતિએ આવા ૧૦૦ કાયદાની યાદી તૈયાર કરી છે તેમાંથી કેટલાય કાયદાઓ સમયની સામે અપ્રસ્તુત અને વિસ્મય ઉપજાવનારા છે. દા.ત. ઈન્ડીયન ટ્રેઝર ટ્રોય એકટ ૧૮૭૮ આ કાયદામાં જમીનની નીચે દટાયેલી કલમમાં દશ રૂપિયાની રકમનો ઉલ્લેખ છે. કાયદા મુજબ આવો ખજાનો મેળવા માટે આ રકમ સ્થાનીય અધિકારીને સોંપવામાં નિષ્ફળ જાય તો મહારાણી સાહેબને મળશે અંગ્રેજોએ ૧૮૪૭ માં ભારત છોડી દીધું તોય આ કાયદો અમલમાં છે.

તેમજ સોલ્ટ એકટ હેઠળ વિશેષ વહીવટી ખર્ચ ઉઠાવવા માટે મીઠાના ઉત્પાદનમાં સેસ લગાડવામાં આવ્યો હતો આ કાયદા પ્રમાણે ૪૦ કિલો મીઠાની સામે ૧૪ પૈસાનો સેસ છે. આ કાયદાને પણ ઉચ્ચ કમિટીએ નાબુદ કરવાની ભલામણ સરકારને ૧૯૭૮ થી કરી છે જે પેન્ડીંગ છે. આશ્ચર્યની વાત એ છે કે આ સેસ ઉઘરાવવાનો વહીવટી ખર્ચ મળતી રકમ કરતા વધારે છે.

ટેલીગ્રાફિકસ વાયર્સ એકટમાં ટેલીગ્રાફમાં વપરાતા વાયરો અંગેનો કાયદો છે. આ વાયરો દશ પાઉન્ડથી વધારે માત્રામાં ના નાખી શકાય વળી આની માહિતી ઉચ્ચ અધિકારીને આપવી પડે ટેલિગ્રાફિક સર્વિસ જ ૨૦૧૩ માં બંધ કરવામાં આવી તેમ છતાં કાયદો રદ કરવામાં આવ્યો નથી.

ધ ઈન્ડીયન પોસ્ટ ઓફિસ એકટ જેમાં સરકાર વચ્ચે પત્રો મોકલવાનો સંઘીય સરકારને વિશેષકાધિકાર આપવામાં આવ્યો છે પરંતુ કુરીયર સર્વિસ આવતા આ પણ કાયદો નકામો સાબીત થયેલ છે.

ધી સહાય એકટ હેઠળ એવી જોગવાઈ છે કે સરાઈઓએ યાત્રાળુને મફ્ત પાણી આપવું પડે તો આની સામે પણ ફરિયાદ થઈ છે કે આ કાયદાનો ઉપયોગ હોટલો ઉપર થઈ રહ્યો છે ?

યંત્ર પર્સન એકટ હેઠળ એવી જોગવાઈ છે કે યુવાનો વચ્ચે હિંસક અને કૃત્ય પ્રકાશનનો પ્રસાદ ના થવો જોઈએ. તેમાં ફોટાથી લઈને અન્ય ઉલ્લેખો પણ છે આજના ઈન્ટરનેટ અને વોડસઅપના જમાનામાં આ કાયદો કેટલો પ્રભાવ શાળી રહે છે તે એક પ્રશ્ન છે.

ઘ સંથાલ પરત્રના એકટ જે પણ દોઢસો વર્ષ કરતા પણ જુનો કાયદો છે. આ કાયદા પ્રમાણે આ સંથાણ આદિવાસીઓને સામાન્ય કાયદામાં છુટછાટ આપવામાં આવી છે જે પણ નવો આદિવાસી એકટ અમલમાં આવતા નિરર્થક છે. આવા કાયદાઓની સંખ્યા ૩૦૦ ઉપરાંતની છે જે સમય અને સંજોગો પ્રમાણે તાત્કાલિક વિધેયક લાવી રદબાતલ કરવા જોઈએ.

૧૯૫૦ નો ઈન્ડીયન એવીડન્સ એકટ ૧૮૮૫ નો ઈન્ડીયન પોસ્ટ ઓફિસ એકટ ૧૮૮૭ નો ઈન્ડીયન સરપ્રાઈઝ એકટ સાથે બિલકુલ સુસંગત થતા નથી માનનીય વડાપ્રધાને હવે ભારતમાં નકામા કાયદા રદબાતલ ઠરાવવાનો નિર્ણય કરેલ છે જેમાં ૭૨ કાયદા ભારતના કાયાદ પંચે દૂર કરવા ભલામણ કરેલ છે તથા ૩૫ સેન્ટ્રલ એકટ રદ કરવા માટે સરકાર ખરડો પસાર કરશે તેમજ રદ કાયદાઓ રાજયોને રદ કરવા માટે જણાવેલ છે તેમજ ૧૬ કાયદાઓ કેન્દ્ર અને રાજયને લાગુ પડતા હોય તે લગત રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે ચર્ચા કરેલ છે જેનો રીપોર્ટ ઓકટરોમ્બર-૨૦૧૪ સુધીમાં મળી જશે.

સમાજમા પરિવર્તનની સાથે કાયદામાં પણ ફેરફાર જરૂરી નહી આવશ્યક છે જેમાં ૧૮૭૧ નો કેરલ એકટ, ૧૮૯૯ નો ધ ગ્લેન્ડર્સ એન્ડ ફારસી એકટ, ૧૮૬૨ નો ગર્વમેન્ટ સીલ એકટ, ૧૮૯૮ નો લેચર્સ એકટ ૧૮૭૪નો ફોરેન રીફ્ટીંગ એકટ, ૧૮૭૬ નો સીવીલ કોર્ટ એકટ ૧૮૫૨ નો શેટીફ્સ ફીઝ એકટ, ૧૮૬૦ નો પીનલ કોડ, ૧૯૧૪ ના મોટર વ્હીકલ એકટ જેવા ૧૩૮૨ કાનૂન છે જે બ્રિટીશ સરકારે ઘડેલા કાયદાઓ હાલના સમય અને સંજોગો પ્રમાણે નિરર્થક છે. લો કમિશનરે વારંવાર સરકારને આ બાબતની ભલામણ કરી હોવા છતાં આઝાદીના આટલા વર્ષોમાં નિરર્થક કાયદાને રદબાતલ ઠરાવેલ નથી કે તેમાં સમય અને સંજોગો પ્રમાણે પરિવર્તન કરેલ નથી જેનું બિડું મોદી સરકારે ઉઠાવેલ છે.